

નેશનલ હાઈવે ઓથોરીટીની હાઈવે નં. ૮ પર પેટ્રોલીંગ કરતી જીપ મજરા ત્રણ રસ્તા પાસે એક ખેતરમાંથી ઘાસચારાના પૂળા ભરીને ફેરા મારતી નજરે ચઢી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ઊંઝાના અરણીપુરા પાસે ત્રણ લાખની સનસનાટીભરી લૂંટ

## અજાણ્યા બાઈક સવારોએ લક્ષ્મીપુરા ડેરીના સેક્રેટરીને લૂંટ્યા

ઊંઝા, તા. ૧૬

ઊંઝા નજીકના અરણીપુરા પાસે લક્ષ્મીપુરા દૂધ મંડળીના પગારની રકમ લઈને જતા ડેરીના મંત્રી પર અજાણ્યા બાઈક સવારોએ આંતરીને તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી રૂપિયા ત્રણ લાખની દિલધડક લૂંટ કરતા સમગ્ર પંથકમાં સનસનાટી મચી જવા પામેલ છે.

ઊંઝા તાલુકાના લક્ષ્મીપુરા ગામે દૂધમંડળીના મંત્રી બાબુભાઈ જોઈતારામ પટેલ અને કારોબારી સભ્ય ચંદુભાઈ પટેલ બપોરના સમયે ઊંઝા ખાતે આવેલી મહેસાણા ડિસ્ટ્રીક્ટ કો. ઓપ. બેન્કની શાખાએથી ડેરીના પગાર કરવા માટે રૂપિયા ત્રણ લાખ પાંચ હજારની રોકડ રકમ લઈને સ્કૂટર પર લક્ષ્મીપુરા પરત જવા નીકળ્યા હતા. આ દરમ્યાન માર્ગમાં અરણીપુરા ગામ પાસે લગભગ બે વાગ્યાના સુમારે પાછળથી બાઈક પર આવેલ બે અજાણ્યા શખ્સોએ તેમના સ્કૂટરને લાત મારી પાડી દીધુ હતુ. ત્યારબાદ સ્કૂટર પરથી પડી ગયેલ બંને હોદ્દેદારોને આ શખ્સોએ તુરંત જ તિક્ષ્ણ હથીયાર વડે હુમલો કરી ડેરીના મંત્રી બાબુભાઈના હાથે ઈજા પહોંચાડી નાણાં ભરેલા થેલાની ચીલઝડપ કરી નાસી છુટ્યા હતા. આ બંને લુટારૂઓ કાળા રંગના બાઈક પર આવેલ હતા. આ ઘટનાની પોલીસને જાણ કરાતાં પોલીસે ઘટનાસ્થળે જઈને તપાસ હાથ ધરી હતી તેમજ વાયરલેસ સંદેશા પાઠવી નાકાબંધી પણ કરાવી હતી. છતાં આ લુંટારૂઓનો કોઈ જ પત્તો મળ્યો નહોતો. આથી પોલીસે આ લુંટારૂઓને ઝબ્બે કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ઊંઝા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી પોલીસની નિષ્ક્રિયતાને કારણે લૂંટ, ઘરફોડ ચોરીઓ, વાહન ચોરીઓ જેવા ગંભીર ગુનાઓએ માઝા મુકી દેતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. ગુનાખોરીના વધતા પ્રમાણને લઈને લોકોમાં ભય અને ચિંતાની લાગણી ફેલાવા પામી રહી છે.

# સાબરકાંઠામાં લકી ડ્રોની સ્કીમોનો રાફડો ફાટતાં લોકોના નાણા ડૂબવાનો ભય

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી લકી ઈનામી ડ્રોના નામે અનેક સ્કીમો બજારમાંથી લોકોના નાણાં ઉઘરાવી રહી છે. મોટરકાર, બાઈક અને સોનાની ચેઈન જેવા લલચામણા ઈનામોની ઓફર દ્વારા આ યોજનાઓ મધ્યમવર્ગીય નાગરિકોને લોભાવી રહી છે ત્યારે લાખો રૂપિયાની છેતરપીંડી થવાનો ભય ઉભો થવા પામેલ છે.

આ સ્કીમોમાં રૂપિયા ૨૫૦ થી લઈને ૨૦૦૦ સુધીની રકમ એક જ વાર ભરીને સભ્ય બનો અને પાંચ લાખ રૂપિયાની ગાડી, બાઈક, સોનાની ચેઈનો વગેરે ઉપરાંત ઢગલા બંધ આશ્વાસન ઈનામોની ભરમાર બતાવી ભ્રામક જાહેરાતો દ્વારા લોકોને આકર્ષવાના કિમીયા કરાઈ રહ્યા છે. ખાસ કરીને હિંમતનગર અને પ્રાંતિજમાં વધારે પ્રમાણમાં ફુલીફાલી નીકળેલ આ ઈનામી ડ્રો યોજનાઓની કોઈજ કંપની રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત હોવા છતાં રજીસ્ટર્ડ થયેલ નથી. આમ આ યોજનાના ભેજાબાજ આયોજકોએ સબ સલામત કરી તંત્રની મીઠી નજર નીચે અવનવા કીમીયા અજમાવી લોકોના લાખો રૂપિયા ચાંઉ કરી જવાનો કારસો ગોઠવ્યો હોય તેવું જણાઈ આવે છે.

આ બાબતે જો જિલ્લા પોલીસવડા ઈન્કમટેક્ષ વિભાગ અથવા વહીવટી તંત્ર દ્વારા જો સમયસર યોગ્ય પગલાં નહી લેવામાં આવે તો ભલી ભોળી પ્રજાની પરસેવાની કમાણી લુંટાઈ જતા વાર નહી લાગે. મિત્ર વર્તુળના નામે સભ્યો બનાવી જાળમાં ફસાવી આવી સ્કીમો લોકોને નવરાધૂપ કરી દેશે તેવી ભીતી સેવાઈ રહી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક -વૃતિઓના વિભાગ ધ્વારા ખેલ મહાકુંભ-૨૦૧૩નું આયોજન કરવામાં આવ્યું છે. ખેલ મહાકુંભની મશાલ રેલીને તા. ૧૩ નવેમ્બરના રોજ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગર ખાતેથી -સ્થાન કરાવ્યું હતું તે રેલી આજ રોજ તા.૧૫ નવેમ્બરના બનાસકાંઠા જિલ્લાના મુખ્યમથક પાલનપુર ખાતે આવી પહોંચી હતી. પાલનપુર એરોમા સર્કલ ખાતે સંસદ સભ્યશ્રી હરીભાઈ ચૌધરી, અગ્રણીઓ અને શાળા તથા કોલેજના વિધાર્થીઓએ ફૂલહાર કરી, ફટાકડા ફોડી મશાલ રેલીનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

# ૮૬૫૩૦ના મુદ્દામાલ સાથે એક શખ્સની ધરપકડ કરાઈ

અમદાવાદ, તા.૧૬

ઘરફોડ ચોરીના સંબંધમાં પોલીસે મોટી સફળતા મેળવી છે. આ સંબંધમાં પોલીસે જંગી મુદ્દામાલ સાથે એક શખ્સની ધરપકડ કરી છે. તે અગાઉ પણ ગુનાઓમાં સામેલ રહ્યો છે. મળેલી માહિતી મુજબ સેક્ટર-૨ના સ્કોર્ડ બાતમીના આધારે રીઢા ચોર જાકીર ઉર્ફે ચુહો ઉર્ફે આસીફ ઉર્ફે રવિ અજીજભાઈ શેખની ધરપકડ કરી છે. તેની પાસેથી ૫૦૦ ગ્રામ ચાંદીના બિસ્કીટ નંગ-૧, સોનાની ચેઈન-૧, સોનાની કડી નંગ-૪, સોનાનું મંગળસુત્ર-૧ મળીને કુલ ૮૬,૫૩૦ મુદ્દામાલ જપ્ત કરાયો છે. પૂછપરછ દરમિયાન ચોરીના ત્રણ ગુના ઉકેલાયા છે. રીઢો ચોર જાકીરે ઉર્ફે રવિ ઉર્ફે આસીફ મુળ હિંમતનગરનો વતની છે અને છેલ્લા ૧૦ વર્ષથી અમદાવાદ શહેરમાં રહે છે. અગાઉ આ ઈસમે શહેરના વટવા તેમજ ઈસનપુર વિસ્તારમાં આવેલ બંધ ઘરમાંથી સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હોવાનું કબુલ્યું છે. ભૂતકાળમાં જાકીર ઉર્ફે ચુહો ઉર્ફે આસીફ ઘરફોડ ચોરીના મામલે હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશનમાં પણ પકડાય ચુક્યો છે. શહેરમાં આ ઈસમ સોનાની ચાલીમાં ભાડેથી રહેતો હતો જ્યાં તેના ઘરની બાજુમાં રહેતા મજીદખાન પઠાણની પત્ની શહેનાઝ બાનુ જોડે આ ઈસમની આંખ મળી જતા તથા મજીદખાનનું મૃત્યુ તથા છેલ્લા આઠ વર્ષથી શહેનાઝબાનુ સાથે ઘર સંસાર માંડી વટવા ક્રોસિંગ પાસે આવેલા સરકારી આવાસમાં રહે છે અને અગાઉ શહેરના શાહપુર, વેજલપુર, રખિયાલ, માધુપુરા, નરોડામાં ઘરફોડ ચોરીમાં પકડાયેલ છે તેમજ મોટાભાગે આ ઈસમ એકલો જ ચોરી કરવા જતો હતો હોવાનું પણ તપાસ દરમ્યાન જાણવા મળ્યું છે.

# ત્રણ રીઢા ચોરની ધરપકડ કરી લેવાઈ : ગુનાના ભેદ ઉકેલાયા

## કુલ નવ ઘરફોડ ચોરીના ગુના આચર્યાની કબૂલાત કરી

અમદાવાદ, તા.૧૬

રાત્રીના અંધારાનો લાભ લઈને બંધ દુકાનો તથા એસ્ટેટમાં આવેલ દુકાનોના તાળા તોડીને ઘરફોડ ચોરી કરતી ગેંગની ત્રણ ઈસમોને ક્રાઈમબ્રાન્ચે ધરપકડ કરી છે.

ત્રણેયની પૂછપરછમાં નવ ઘરફોડ ચોરીના ગુના ઉકેલાયા છે. શહેરના વટવા તેમજ સરખેજ વિસ્તારમાં આવેલ બંધ દુકાનોમાં સમીર ઉર્ફે કાણો ઉર્ફે બોટા ઉર્ફે હકલો ઈબ્રાહીમખાન હસનખાન પઠાણ (ઉ. ૨૧), ફરીદભાઈ ઉર્ફે ઈમરાન રઈશભાઈ મજીદભાઈ કુરેશી (ઉ.૨૪) તથા વસીમભાઈ ઈબ્રાહીમભાઈ સુલેમાનભાઈ થુભી (ઘાંચી) (ઉ.૨૧) લોખંડના સળીયાથી તાળી તોડીને રોકડ રકમ સહિતના મુદ્દામાલની ચોરી કરતા હતા.

ક્રાઈમબ્રાન્ચની ટીમે પેટ્રોલીંગ દરમિયાન બાતમીના આધારે નારોલ સર્કલ પાસે આ ત્રણેયની ધરપકડ કરી છે તેમની પાસેથી ચોરીનો મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત ૨૫,૦૦૦ કબજે કરાયા છે. પકડાયેલા ત્રણેય રીઢા ચોર પૈકીના સમીર ઉર્ફે હકલો ઉર્ફે બોટા ઈબ્રાહીમખાન નાનો વેજલપુર પોલીસ મથક તથા સરખેજ પોલીસ મથક તેમજ અસલાલી પોલીસ મથકમાં ઘરફોડ ચોરીના ગુનામાં પકડાય ચુક્યો છે જ્યારે વસીમ ઈબ્રાહીમભાઈ થુભી (ઘાંચી) પણ સરખેજ અને અસલાલી પોલીસ મથકમાં ઘરફોડ ચોરીના ગુનામાં પકડાયેલ છે.

# પ્રાંતિજના પ્રિયાંશુ સોનીએ પાંચમી અક્ષરકુમાર ઈન્ટરનેશનલ કુડો ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ જીત્યો

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા પ્રાંતિજ નગરના વિદ્યાર્થી પ્રિયાંશુ સોનીએ ૫ મી અક્ષયકુમાર ઈન્ટરનેશનલ કુડો ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ જીતીને સમગ્ર પ્રાંતિજ તથા સાબરકાંઠા જિલ્લાનું ગૌરવ વધારેલ છે. આ ચેમ્પિયનશીપમાં સમગ્ર ભારતભર અને બહારના દેશોના



મળીને કુલ ૪૫૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

મુંબઈ ખાતે તારીખ ૨૯મી ઓક્ટોબરથી ૨જી નવેમ્બર સુધી યોજાયેલ આ સ્પર્ધામાં પ્રખ્યાત બોલીવુડ સિનેસ્ટાર અક્ષયકુમારે પોતે હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. આ સ્પર્ધા માટે સાબરકાંઠા જિલ્લામાંથી કુલ બે બાળકોનું સિલેક્શન કરવામાં આવેલ હતુ. જેમાં પ્રાંતિજના પ્રિયાંશુ અનુજકુમાર સોની અને હિંમતનગરના યુવરાજ ચૌહાણનો સમાવેશ થાય છે. તેમની સાથે કોચ તરીકે દશરથ મહેશ અને મેનેજર તરીકે હાર્દિક બ્રહ્મભટ્ટ પણ હતા. આ સ્પર્ધામાં પ્રિયાંશુએ બે ઈવેન્ટમાં ભાગ લીધો હતો. જેમાં કાતા (ફાઈટીંગ ડાન્સ) અને કુમીત્તે (ફાઈટ)નો સમાવેશ થાય છે. પ્રિયાંશુએ કુમીત્તેમાં ત્રણ રાઉન્ડ જીતી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા હતા. પ્રિયાંશુ સોની પ્રાંતિજ ખાતે ત્રીજા ધોરણમાં અભ્યાસ કરે છે. આટલી નાની ઉંમરે તેમણે આવી પ્રતિષ્ઠિત સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી અન્ય બાળકો માટે પ્રેરણારૂપ બનવા સાથે સાથે શહેર અને જિલ્લાનું ગૌરવ પણ વધાર્યું છે.

# રોડ રિસરફેસીંગનું કામ શરૂ થાય તે પૂર્વે જ કરોડોનો ખર્ચ

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ શહેરના બિસ્માર રસ્તાઓ અર્થે થયેલ ગુજરાત હાઈકોર્ટની જાહેરહીતની અરજી સંદર્ભમાં હાઈકોર્ટના ફટકાર પછી અમદાવાદ મ્યુનિ.કોર્પો. સફાળી જાગી હતી જેમાં ના છુટકે અ.મ્યુ.કોર્પો.એ દેવદીવાળી બાદ શહેરના બિસ્માર રોડનું રિસરફેશ કામ શરૂ કરવાની જાહેરાત કરી હતી. જેમાં મ્યુનિ. શાસકોએ પશ્ચિમ ઝોનના સ્ટેડિયમ વોર્ડમાં રસ્તાને રિસરફેશ કરવા રૂા. ૧.૧૩ કરોડનો અંદાજ, વાડજ વોર્ડમાં રૂા. ૩૮.૧૦ લાખનો અંદાજ, નારણપુરા વોર્ડમાં રૂા. ૯૬.૧૫ લાખનો અંદાજ તેમજ પાલડી વોર્ડમાં રૂા. ૨.૨૫ કરોડના અંદાજને મ્યુનિ.કોર્પોરેશને મંજુરી આપી છે. પરંતુ અ.મ્યુ.કોર્પો.એ ખાડામાં ગયેલ શહેરને ઉગારવાની શરૂઆત કરી નથી ત્યાં નવા રોડ કરોડોમાં રિસરફેશ કરવાની જાહેરાત કરી દીધી છે. તાજેતરમાં જ પશ્ચિમ ઝોનમાં રોડ રિસરફેસિંગનો રૂા. ૧૭ કરોડનો અંદાજ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા મંજુર કરાયો હતો પરંતુ પ્રશ્ન એ છે કે દરેક રસ્તાઓના રિસરફેશ માટેના કામ માટે કરોડોના અંદાજ મુકવામાં આવ્યા પછી તેની કામગીરી શરૂ કરવામાં મહિનાઓ નીકળી જાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશો એક કામ પૂર્ણ કરતાં નથી એવામાં બીજા અન્ય કામોની જાહેરાત કરી દે છે.



## ડીસામાં શિવકથાનો શુભારંભ

ડીસા શહેરમાં ગ.સ્વ. પ્રમોદબેન નાનુભાઈ પઢિયાર તથા સુપુત્રો હિમાંશુભાઈ અને નિરવભાઈ તેમજ સમસ્ત રૂગનાથજી ઓખાજી પઢિયાર પરિવાર દ્વારા શિવકથાનું આયોજન કરાયું છે. જેનો ગુરૂવારે પોથીયાત્રા નીકળી હતી. બાદમાં સાઈબાબા મંદિર સરદાર પટેલ બાગ ખાતે શિવકથાનો શુભારંભ થયો હતો. કથાના વ્યાસધિષ્ટ તરીકે સંજયભારતી બાપુ પોતાની અમૃતમય વાણી દ્વારા શિવભક્તોને કથામાં રસતરબોળ કરી રહ્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી




પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૦૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામકાજ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE

કેસ્ટ્રોલ

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

# ગેરકાયદે બાંધકામો દૂર કરવા મ્યુનિનું અભિયાન

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ગેરકાયદે બાંધકામો ઉપર તવાઈ હાથ ધરવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસોથી શહેરના અલગ અલગ ઝોનમાં ગેરકાયદે બાંધકામો તોડવામાં આવી રહ્યા છે અને જગ્યાઓ ખુલ્લી કરવામાં આવી છે.

જેમાં નવા પશ્ચિમ ઝોન વિસ્તારમાં બિન પરવાનગીના બાંધકામ તથા જાહેર રસ્તા પરના દબાણો દુર કરવા ઝુંબેશના ભાગરૂપે જોધપુર વોર્ડમાં ૨૦ જેલા કાચા પાકા મકાનોના બાંધકામ દુર કરવામાં આવ્યા છે અને ૩૩૭૬ ચો.મી.ની જગ્યા ખુલ્લી કરવામાં આવી છે તેમજ પ્રહલાદનગર પાસે આવેલ રોપડા તળાવની પાસે આશરે ૭૦ જેટલા ઝુપડાના દબાણો દુર કરીને ટ્રાફીકની સમસ્યા દુર કરવામાં આવી છે. આ ઉપરાંત મ્યુનિ. કોર્પો.દ્વારા મધ્યઝોનમાં કાલુપુરમાં રીલીફ રોડ ઉપર આવેલ મૂર્તિમંત કોમ્પલેક્ષમાં શેડ પ્રકારનું બીન પરવાનગીએ કરેલ બાંધકામ શનિવારના રોજ દૂર કરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી દિવસોમાં પણ ગેરકાયદે બાંધકામ ઉપર શક્ષ કાર્યવાહી કરવામાં આવશે.